**પોરબંદરના એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. પોરબંદર.**

**ક્રિ.પ.અ.નં.૩૩૫/૨૦૨૬.**
**આંક–**

**અરજદાર:** **સતીષ ભુરાભાઈ મોઢવાડીયા,**
ઉ.વ.આ.૨૦,ધંધો: ડ્રાયવીંગ,
રહે. માયલુ સીમ વિસ્તાર, ગામ મોઢવાડા
તા.જી. પોરબંદર.
હાલ : જ્યુડી. કસ્ટડી ખાસ જેલ પોરબંદર.

વિરૂધ્ધ

સામાવાળા : ૧. ધ સ્ટેટ ઓફ ગુજરાત
નોટીસ થ્રૂ ડી.જી.પી. પોરબંદર.
૨. અરશીભાઈ મેરામણભાઈ ઓડેદરા,
રહે. ટુકડા ગામ, ભગવતી માતાજીના
ચોકની પાછળ, તા.જી.પોરબંદર.

**બાબત : ભા.ના.સુ.સં. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મુકત થવાની અરજી .**

------------------------------------

અરજદાર તરફે વિ. વકીલશ્રી એન. જે. જાડેજા.
સામાવાળા સરકાર તરફે વિ.પી. પી. શ્રી એસ. બી. જેઠવા.

------------------------------------

**હુ ક મ**

૧. અરજદાર/આરોપી ધ્વારા હાલની આ જામીન અરજી બી.એન.એસ.એસ. ક. ૪૮૩ હેઠળ તેઓને બગવદર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૧૮૦૦૩૨૬૦૩૧૮/૨૦૨૬, બી. એન.એસ.ની કલમ–

૧૩૭(૨), ૮૭ તથા પોકસો એકટની કલમ-૧૮ મુજબ ગુન્હાના કામે અટક કરવામાં આવેલા છે, તે ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી દાખલ કરેલ છે.

૨. અરજદારની અરજી અન્વયે નોટીસ સામાવાળા શ્રી સરકારને બજી જતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ. સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા ઉપસ્થિત રહેલા છે અને તેઓએ અરજદારની અરજીનો વિરોધ કરતું પોલીસ અધિકારીશ્રીનું સોગંદનામુ રજૂ રાખેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. મુળ ફરીયાદી તરફે અરજદારની જામીન અરજી સામે આંક-૮ થી વાંધા રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

૩. અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી ની મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામે અરજદાર સામે કોઈ માનવા લાયક કેસ કે પ્રથમ દર્શનીય પુરાવો નથી ફરીયાદમાં જણાવ્યા મુજબ અરજદારનો કોઈ રોલ નથી અને ભોગ બનનાર સાથે કહેવાતુ કોઈ કૃત્ય કરેલ નથી. ચાર્જશીટ પ્રમાણે પોકસો કલમ-૪, ૬, ૮ નું કોઈ તહોમત નથી. માત્ર પોકસો એકટની કલમ-૧૮ નું જ આખુ ચાર્જશીટ છે. અન્ય કલમોમાં આઈ.પી.સી. ૩૬૩ ની નવી કલમ કે જેમાં મહત્તમ સજાની જોગવાઈ ૭ વર્ષ અને આઈ.પી.સી.ની કલમ-૩૬૬ ની નવી કલમમાં સજાની જોગવાઈ ૧૦ વર્ષ તેમજ પોકસો અન્વયેના ગુન્હામાં ત્રણ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. ભોગ બનનારનું નિવેદન તા. ૨૬-૫-૨૦૨૬ નું છે. અપહરણ પણ બનતુ નથી. કોઈ ધમકીની વાત નથી, કોઈ બળાત્કાર જેવા બનાવની કોઈ વાત જ નથી.

ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં પણ આવી કોઈ વાત જણાવી જ નથી. અરજદાર ૨૦ વર્ષની યુવાન વયના છે. સોગંદનામામાં જે હકીકત જણાવેલ છે તેવી કોઈ અરજીમાં પોલીસમાં કે બીજે કયાંય આજદીન સુધીમાં થયેલ ન હોય આવી વાત સાવ ખોટી ઉભી કરેલી હકીકત જણાવેલ છે. માત્ર સોગંદનામામાં જાહેર કરવાથી આ આક્ષેપો સાબીત ન થઈ શકે કોર્ટ તથ્ય એટલે કે પોલીસ પેપર્સ જ જોઈ શકે કે, ભોગ બનનારનું કે કોઈ સાક્ષીના નિવેદનમાં પણ નથી. આ કામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ પણ કરી દેવામાં આવેલ છે. નિર્દોષ ને પ્રી ટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ છે અમે યુવાન છીએ પરીવાર ની જવાબદારી છે અને અમે કયાંય નાશીભાગી જાય તેમ નથી કોઈ ગુનાહીત પુર્વ ઈતિહાસ નથી તેથી આ કોર્ટ ફરમાવશે તેવી શરતોનુ પાલન કરવાની ખાત્રી આપી આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકાર પક્ષે, પી.પી. શ્રીની રજુઆત છે કે, આ કામે આરોપી સામે પોકસો અને અપહરણ જેવા ગંભીર ગુન્હાનો પ્રથમ દર્શનીય કેસ રહેલ છે. આરોપીએ ભોગ બનનાર ૧૪ વર્ષ્ની બાળકી સાથે લગ્નની લાલચે અપહરણ કરી લઈ જઈ સગીર ના અપહરણ અને પોકસોનો આરોપી ઉપર સ્પષ્ટ અને સબળ કેસ હોય, તેવા સંજોગોમા સગીર બાળકીના અપહરણ અને પોકસોના ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તપાસ કરનાર અધીકારીના સોગંદનામાની હકીકતો ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

મુળ ફરીયાદપક્ષે દલીલો કરતા જણાવેલ છે કે, પોકસો એકટની જોગવાઈ પ્રમાણે તપાસના કાગળોની નકલ આપવાની ફરજીયાત જોગવાઈ છે તે પ્રમાણે જયાં સુધી ચાર્જશીટની કોપી અમને ન મળે ત્યાં સુધી પોલીસે શું મીસચીફ કરી તે અમને ખબર ન પડે. જેથી અમને પાછળથી ખબર પડેલ કે, પોલીસે અમારી સાથે મીસચીફ કરેલ છે અરજી લઈને. તપાસ ખોટી રીતે કરવામાં આવી છે. ખોટી રીતે ભોગ બનનારના નિવેદન આરોપીની હાજરીમાં લેવાયેલ છે. ભોગ બનનારની ઉંમર માત્ર ૧૪ વર્ષ અને ૦૩ માસની છે. જયાં સુધી કોર્ટમાં પુરાવો ન નોંધાય ત્યાં સુધી કોઈપણ તપાસના નિવેદનો આધારે કોઈ નિર્ણય સાચો કે યોગ્ય કે ન્યાયીક ગણાશે નહીં. આ કામે એફ.એસ.એલ. રીપોર્ટ આવેલ નથી. તે સંજોગોમાં ગુન્હાની ગંભીરતા ઘ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૫. બંને પક્ષોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. અરજદારની જામીન અરજી વંચાણે લીધી. ફરીયાદ કેસની ટુંક વિગત વંચાણે લઈએ તો આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર કે જેઓ આશરે ૧૪ વર્ષની છે તેઓને આ કામના આરોપીએ લગ્ન કરવાની લોભ–લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ છે તેવી આ કેસ ની ટુંક હકીકત છે. આ કામે મુળ ફરીયાદપક્ષને જામીન અરજીની નોટીસ બજતા તેઓએ તેમના વકીલ મમારફતે હાજર થઈ વાંધા સોગંદનામુ રજુ કરેલ છે જેમાં ભોગ બનનાર કે જેઓની ઉમર ૧૪ વર્ષ અને ૦૩ માસની છે તે ભોગ

બનનાર સાથે તહોમતદારે એક વખત શારીરીક સબંધ બાંધ્યાનો આક્ષેપ છે જે બાબતે આ હકીકત પોલીસ સમક્ષ કે અગાઉ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષના નિવેદનમાં કયાંય રેકર્ડ પર નથી પરંતુ તેટલી માત્ર હકીકતથી ભોગ બનનાર કે જેણે પરીવાર સામે આ હકીકત જાહેર કરી અને ફરીયાદીએ સોગંદ ઉપર વાંધામાં જણાવ્યુ છે તે હકીકત ગંભીર ગુન્હાનો નિર્દેશ કરનાર આક્ષેપ હોય અને ભોગ બનનારની ઉંમર માત્ર ૧૪ વર્ષની હોય તે સંજોગોમાં આ આક્ષેપની ગંભીરતા ઘણી વધી જતી હોય અને ચાર્જશીટ પહેલા આ કોર્ટે જામીન અરજી નામંજુર કરી હતી કારણ કે ૧૪ વર્ષની નાની બાળાના અપહરણનો કેસ હતો અને તે ૧૪ વર્ષની બાળાના અપહરણનો કેસ ચાર્જશીટ પ્રમાણે હજુ પણ હોય તેવા સંજોગોમાં ઉપરોકત તમામ દલીલોને અંતે આ આરોપીને ચાર્જશીટ બાદ પણ જામીન ઉપર મુકત કરવાની વિવેકબુધ્ધિની સત્તા વાપરવા કોઈ ન્યાયોચીત કેસ જણાય આવતો ન હોય આ અરજી હેઠળ નીચે મુજબ હુકમ કરવો જરુરી જણાય છે.

**<u>-: હુ ક મ :-</u>**

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૬ મી માહે જુલાઈ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

પોરબંદર.
તા.૧૬/૦૭/૨૦૨૬

**(દીપેન દિલીપકુમાર બુધ્ધદેવ)**
સ્પે. જજ (પોકસો) અને
એડીશ્નલ સેશન્સ જજ,
પોરબંદર.
Code No. GJ-00612